
# શબ્દસર

ISSN 2249-2933
Listed on UGC-CARE list Group I

તંત્રી : કિશોરસિંહ સોલંકી ● સંયુક્ત અંક : ૨૯૧-૨૯૩, જાન્યુઆરી ૨૦૨૬



શબ્દસર
વર્ષ : ૨૫
સંયુક્ત અંક : ૨૯૧-૨૯૩
જાન્યુઆરી : ૨૦૨૬
તંત્રી :
કિશોરસિંહ સોલંકી

પત્રવ્યવહારનું સરનામું :
સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,
'એ' વિંગ, સમર્પણ ઍજ્યુકેશન એન્ડ રિસર્ચ કૅમ્પસ,
ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮

લેખ-સામગ્રી મોકલવાનું સરનામું :
'ઋત', ૪૩, તીર્થનગર, વિભાગ-૧,
સોલા રોડ, ઘાટલોડિયા,
અમદાવાદ-૩૮૦૦૬૧

મુદ્રણ-વ્યવસ્થા :
ખુશ્બુ પ્રકાશન
૧૦૫, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી
અમદાવાદ-૩૮૦ ૦૦૬

માલિક :
ગાંધીનગર ચૅરિટેબલ ટ્રસ્ટ
સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,
'એ' વિંગ, સમર્પણ ઍજ્યુકેશન એન્ડ રિસર્ચ કૅમ્પસ,
ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮

મુખપૃષ્ઠ :
ચિત્રકાર વિનોદ પટેલની ચિત્રકૃતિઓ

## સૂચનાઓ

૧. 'શબ્દસર' દર મહિનાની ૧૦મી તારીખે પ્રકાશિત થાય છે.

૨. 'શબ્દસર'નું વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦-૦૦ અને આજીવન રૂ. ૩૦૦૦-૦૦ રોકડા / ડ્રાફ્ટ/ મની-ઑર્ડરથી વર્ષમાં ગમે ત્યારે સ્વીકારવામાં આવે છે.

૩. 'શબ્દસર'ના ધોરણ અનુસાર લેખકોએ એક નકલ પોતાની પાસે રાખીને જ પ્રત મોકલવી. સાહિત્ય, કળા, ઈતિહાસ, સંસ્કૃતિ જેવા વિષયની કૃતિ-લેખ આવકાર્ય છે. અન્યત્ર મોકલેલી કે પ્રકાશિત કૃતિ-લેખ મોકલવાં નહીં. સ્વીકૃત/ અસ્વીકૃતનો જવાબ બે મહિના સુધીમાં આપવામાં આવે છે. લખાણ કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરમાં હોય એ જરૂરી છે. ઝેરોક્સ લખાણ ન મોકલવું. સરનામું જરૂર લખશો.

૪. પ્રકાશિત લખાણની જવાબદારી લેખકની છે. અભિપ્રાયો સાથે તંત્રી/ સંપાદકો સંમત છે એમ માની લેવું નહીં.

૫. ટપાલથી ગેરવલ્લે થયેલા અંકની જવાબદારી પ્રકાશકની રહેશે નહીં. પત્રથી જાણ કરનારને અંક હશે તો મોકલી અપાશે.

૬. 'શબ્દસર'નું લવાજમ ઑનલાઈન ભરી શકાય છે. ખાતાધારક : શબ્દસર, ખાતા સંખ્યા : ૧૦૦૦૫૪૫૦૨૭૯. બૅન્ક : સ્ટૅટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ગુજરાત મૅરી ટાઈમ બૉર્ડ કૉમ્પ્લેક્ષ, ગાંધીનગર. IFSC CODE: SBIN0004291. ઑનલાઈન લવાજમ ભરનાર ગ્રાહકે પોતાનું પૂરું સરનામું, લવાજમ કઈ તારીખે ભર્યું છે તેની વિગતો પત્ર દ્વારા અવશ્ય જણાવવાની રહેશે.

'શબ્દસર' માસિકના તંત્રી, મુદ્રક અને પ્રકાશક કિશોરસિંહ સોલંકીએ મુદ્રણ ખુશ્બુ પ્રકાશન, ૧૦૫, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી અમદાવાદ - ૩૮૦૦૦૬ ખાતે તૈયાર કરી માલિક, ગાંધીનગર ચૅરિટેબલ ટ્રસ્ટ, સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગરના નેજા હેઠળ પ્રસિદ્ધ કર્યું.

# શબ્દસર


તંત્રી

કિશોરસિંહ સોલંકી

સંપાદક

નિસર્ગ આહીર ● ઋચા બ્રહ્મભટ્ટ

પરામર્શક

ડૉ. મણિલાલ હ. પટેલ ● ડૉ. વિજય પંડ્યા ● ડૉ. રૂપાલી બર્ક

પ્રકાશક

**ગાંધીનગર ચૅરિટેબલ ટ્રસ્ટ**

**સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ,**

**‘એ’ વિંગ, સમર્પણ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ કૅમ્પસ,**

**ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮**

shabdasar@gmail. com, nisargahir@gmail. com

www. samarpancollege. org/shabdasar

વર્ષ : ૨૫ સંયુક્ત અંક : ૨૯૩ નવેમ્બર-ડિસેમ્બર-જાન્યુઆરી : ૨૦૨૬

**છૂટક કિંમત : રૂ. ૫૦**

## આનુપૂર્વી


**સંપાદકીય : બહુકોણીય દ્વન્દ્વાવૃત સાંપ્રત :** નિસર્ગ આહીર ૫
**બાકી બધું બરાબર... :** વિનોદ જોશી ૭
**અમ્બર પાણ્ડેનાં કાવ્યો :** અનુ. હરીશ મીનાશ્રુ ૮
**દીવો :** ભગીરથ બ્રહ્મભટ્ટ ૧૧
**ગઝલ :** ભાવેશ ભટ્ટ ૧૨
**વિચાર સાથે :** ભરત વિંઝુડા ૧૩
**ગઝલ :** ડૉ. માર્ગી દોશી ૧૪
**ગઝલ :** કિરણ જોગીદાસ 'રોશન' ૧૫
**ગઝલ :** અશ્વિન ચંદારાણા ૧૬
**ગઝલ :** મીનાક્ષી ચંદારાણા ૧૭
**ગઝલ :** રેખા જોષી ૧૮
**અંજળ ખૂટ્યાં સખી! :** વીરેન પંડ્યા ૧૯
**મૌનની ગહન નદી :** રેખાબા સરવૈયા ૨૦
**ન હોવાપણું :** ડૉ. યોગિની કેલૈયા ૨૧
**ગઝલ :** નિધિ મહેતા 'ખુશી' ૨૩
**કહીં દીપ તો ક્યાંક દર્પણ :** નિશિ સિંહ સોલંકી ૨૪
**મેડમ :** ગિરીશ ભટ્ટ ૨૫
**શબ્દ વીતરાગી છે :** દિવ્યા જાદવ ૩૩
**પહાડ પંખી અને એ જળ... :** ડૉ. સિલાસ પટેલિયા ૩૫
**અઠે દ્વારકા :** ગૌરી શાહ ૩૮
**ખજુરાહોકેન્દ્રી મારી ચિત્રસૃષ્ટિ :** વિનોદ પટેલ ૪૨
**સ્થાપત્ય અને સર્જનાત્મકતા :** હેમંત વાળા ૪૯
**પ્રફુલ્લ રાવલ સાથે મુલાકાત :** સંધ્યા ભટ્ટ ૫૩
**એલિયટના સર્જકઘડતરનાં પરિબળો :** ભરત મહેતા ૬૯
**હકીકત-કથામાં સર્જનાત્મક કથાની સ્નિગ્ધતા :** રમણ સોની ૭૮
**'અમારું જીવન' : દોજખભરી જિંદગીનો દસ્તાવેજ :** હરીશ મંગલમ્ ૮૧
**'ગમે તો સ્વીકારે, ગત સમય કેરાં સ્મરણમાં' :** ડંકેશ ઓઝા ૯૪
**તેજ-તરાપા સાથે વિસ્તરતી સૌંદર્યલુબ્ધ ગીતકવિતા :** વર્ષા પ્રજાપતિ ૯૭
**નોખી માટીના અધિકારીની જીવનકથા :** યોગેન્દ્ર પારેખ ૧૦૩
**'અરણ્યા' : સંસ્કૃતિભેદનું રમ્ય નાટયરૂપ :** ડૉ. તૃપ્તિ ભાવસાર ૧૦૮
**ઈતિહાસને વાર્તાના કળાસ્વરૂપમાં ઢાળવાનો સ્તુત્ય પ્રયત્ન : સોમનાથધ્વંસ :** સંજય પટેલ ૧૧૭
**ગીરનું ગાન : 'અકૂપાર' :** ડૉ. વંદના બી. રામી ૧૨૭
**શિક્ષણજગતનું પ્રતિબિંબ રજૂ કરતી નવલકથા : 'અંગદનો પગ' :** રાજેન્દ્રકુમાર આર. બાંભણિયા ૧૩૩
**સર્જક રામચન્દ્ર પટેલની વાર્તાસૃષ્ટિ :** સતીશ પટેલ ૧૪૧
**કૌટિલ્યથી ફ્રેન્ક અન્ડરવુડ સુધી : સત્તાની અનંત યાત્રા :** નૈયા જોષી, ડૉ. અતુલ ઉનાગર ૧૫૫
**'પાદરનો વડ' : માટીની મહેક તથા મનની મોસમ :** કિશન ચાવડા ૧૬૦
**ચિનુ મોદીકૃત 'કાલાખ્યાન' : એક સમીક્ષાત્મક અભ્યાસ :** આરતી કિશોરભાઈ શર્મા (શોધછાત્ર) ૧૭૨
**ગુજરાતી સ્વાતંત્ર્યોત્તર યુગના કવિઓની શ્રેષ્ઠ ગીત-ગાનની કવિતાઓ :** નરેન્દ્રકુમાર જી. નાયી (શોધછાત્ર) ૧૭૮
**આ અંકના શબ્દધર** ૧૮૫

# ગુજરાતી સ્વાતંત્ર્યોત્તર યુગના કવિઓની શ્રેષ્ઠ ગીત-ગાનની કવિતાઓ

નરેન્દ્રકુમાર જી. નાયી (શોધછાત્ર)

**પ્રસ્તાવના :**

શહેરીકરણ, નગરજીવન, યંત્રસભ્યતા અને ઔધોગિક ક્રાન્તિનો પ્રભાવ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતાના અંતરંગ તેમજ બહિરંગ બંનેને બદલે છે. ગાંધીયુગમાં ગાંધીપ્રેરિત મૂલ્યો અને ભાવનાઓને એ યુગના કવિઓએ બુલંદ કંઠે હરખભેર ગાઈ હતી. પરંતુ આઝાદી મળ્યા પછી, મહાત્મા ગાંધીજીની કરપીણ હત્યાબાદ દેશની પ્રજા આઘાતથી હતપ્રભ બની જાય છે. રામરાજ્યની જે કલ્પના સેવી હતી, એ આઝાદી મળ્યા પછી ફળીભૂત થતી નથી. બીજી તરફ લોકશાહી અને સ્વાધીન રાજયતંત્ર મળ્યું, પણ અંગ્રેજો દેશને પાયમાલ કરી ગયા હતા. વિકાસ માટે યથાશક્તિ પગલાં લેવાનાં શરૂ થયાં, ઉદ્યોગો વિકસ્યા, નગરો વસ્યા અને વધ્યાં, માનવી નગરજીવનની ભીડમાં ખોવાતો ગયો. આ સમયે એકંદરે કવિઓનો ગીતકવિતા સાથેનો નાતો કે લગાવ અને તેમને માનેલી રસિકજનોની અને આમજનોની માન્યતાઓને આદર કર્યો છે. અહીં સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિઓની ગીતરચનાઓની પસંદગીમાં જે-તે કૃતિઓનું અંતરતત્ત્વ અને સત્વને ધ્યાનમાં લીધાં જ છે. ગીતનો એક નાતો તેની ભાવવાહિતા, સુગેયતા, સુગંધતા, મધુરતા, સુંદરતા, લયબદ્ધની ચુસ્તી અને તેની બાની એટલે ભાષા-ભાત સાથે પણ રહ્યો છે. તે વાત ખાસ ધ્યાનમાં રહી છે.

કવિશ્રી અનિલ જોશીનું કન્યાવિદાય ગીત :

**સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી, મ્હાલે**
**કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.**
**પાદર બેસી ફફડી ઊઠતી ઘરચોળાની ભાત,**
**ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત,**
**પૈંડું સીંચતા રસ્તો આખો કોલાહલમાં ખૂંપે,**
**શૈશવની ચીતરેલી શેરી સૂનકારામાં ડૂબે...**

અર્વાચીન ગુજરાતી ગીતકવિતામાં આગવી વ્યક્તિમતાથી અનિલ જોશી છવાઈ ગયા છે. સુરેશ દલાલ કહે છે એમ રમેશ અને અનિલનાં કાવ્યો ગુજરાતી

કાવ્યસૃષ્ટિમાં એક 'લીલો વળાંક' રચી આપે છે. આમ કાવ્યમાં સૌથી ઉત્તમ શક્તિ તે વ્યંજનશક્તિ એમાંથી પ્રગટ થાય છે. સીધે સીધું બોલકી રીતે કવિને કશું જ કહેવું નથી. લગ્ન પછી કન્યાને વિદાય આપવાની ક્ષણ કન્યાવિદાય એ આ કાવ્યના કેન્દ્રમાં રહેલો વિષય છે. પરંતુ વિષયની અભિવ્યક્તિ અત્યંત પ્રયોગાત્મક નવાજ પ્રકારની છે. Poetry is a Speaking Picture એવું કહેવાનું મન થઈ આવે એવી પંક્તિઓ છે. કન્યાને એ વાતની પ્રતીતિ થઈ ગઈ છે કે હવે વીતેલું શૈશવ પુનઃ, પાછું તો આવવાનું જ નથી. આ કાવ્યમાં આખું ભાવ વર્તુળ કવિ સહજ રીતે પૂર્ણ કરે છે.

કવિ ઈન્દુલાલ ગાંધીની રચના :

**મેંદી તે વાવી માળવે એનો રંગ ગયો ગુજરાત રે**
**મેંદી રંગ લાગ્યો રે...**
**નાનો દેરીડો લાડકો ભાભી, રંગો તમારા હાથ રે**
**મેંદી રંગ લાગ્યો રે!**

આનંદ ઉલ્લાસની આ કવિતામાં વિષાદનો અનુભવ નથી. અહીં કવિની સૂક્ષ્મ રહસ્યાનુભૂતિ પ્રગટ થયેલી છે. મહેંદીનો છોડ રાજસ્થાનના માળવા પ્રદેશમાં ઊગેલો છે અને તેનો રંગ ગુજરાતમાં રહેલી નાયિકાના હાથમાં જોવા મળે છે. નાયિકાનો દિયર સાથેનો લાગણીસભર પ્રેમ અહીં આબેહૂબ અને કલાત્મક ચિતરાયેલી મહેંદી ખૂબ આકર્ષક લાગે છે તેનું ભાવવાહી ચિત્ર કાલ્પનિક રીતે રજૂ કર્યું છે.

કવિશ્રી જગદીશ જોશીની ગીતરચના :

**ખોબો ભરીને અમે એટલું હસ્યાં,**
**ને કૂવો ભરીને અમે રોઈ પડ્યાં,**
**ખટમીઠાં સપનાઓ ભૂરાં ભૂરાં,**
**કુંવારા સોળ વરસ તૂરાં તૂરાં,**
**અમે ધુમ્મસના દરિયામાં એવાં ડૂબ્યાં,**
**કે હોડી ખડક થઈ અમને નડ્યાં...**

કવિએ અહીં પ્રણયની રોમેન્ટીક ભાવના "ખોબો ભરીને" સંદર્ભે વ્યક્ત કરી છે. કવિએ અહીં વિરહ કરતાં મિલનના ભાવને વિશેષ ગાયો છે. પ્રેમના આ કાવ્યમાં આનંદ-પ્રીત અને આંસુમાં કવિનો વ્યથામિશ્રિત આક્રોશ પડઘાય છે. કવિશ્રી જગદીશ જોશીએ નાયક-નાયિકાની ઊર્મિની વેદના લાગણીસભર રીતે વ્યક્ત કરી છે.

જયંતિલાલ દવેની ગીતરચના :

**આપણા મલકમાં માયાળું માનવી,**
**માયા મેલીને જાવું, મારા ભાઈબંધ!**
**આપણા મલકમાં ગામેગામ ખાંભિયું,**
**મરી જાણ્યું મુછાળે, મારા ભાઈબંધ!**
**આપણા મલકમાં રાસ્યુંની રમઝટ,**
**જોબનનાં નીર જાય હેલે, મારા ભાઈબંધ.**

અહીં આ કાવ્યમાં કવિનો વૈયક્તિક પ્રેમ વિકસીને વતન (મલક-પોતાનો વિસ્તાર) પ્રેમરૂપે ફૂટી નીકળે છે. કવિનો પોતાના મલકના માનવીઓ પ્રત્યે ખૂબ પ્રેમ છે. પોતાના મલકમાં રહેલી શહીદોની ખાંભીઓ, તેમની વીરતામાં વીરરસ ખૂબીપૂર્વક વણી લીધેલો જોવા મળે છે. ઉપરાંત આ મલકના માનવો કેવા ઉત્સવપ્રિય છે તેની વાત 'હાસ્યુની રમઝટ' દ્વારા વર્ણવેલ છે.

પ્રિયકાન્ત મણિયારનું કૃષ્ણ-રાધા કાવ્ય :

**આ નભ ઝૂક્યું તે કાનજી**
**ને ચાંદની તે રાધા રે,**
**આ સરવર જલ તે કાનજી**
**ને પોયણી તે રાધા રે,**
**આ બાગ ખીલ્યો તે કાનજી**
**ને લ્હેરી જતી તે રાધા રે.**

ભાવપ્રતીકોથી સભર પણ આખીય રચના પૂરી કરો ત્યાં માત્ર એક અદ્વૈત ભાવને સ્થિર કરી રહેતું એક જ રૂપકમાં સમાઈ જતું કૃષ્ણ-રાધાનું સ્વરૂપ બબ્બે પંક્તિની જોડીમાં પાંચ તત્ત્વો જળ, પૃથ્વી, આકાશ, અગ્નિ અને વાયુના મધુર મંગલકારી અને સત્વભર્યા આકારો મળેલા છે. ગીત ઊઘડે છે નભમાં, ફેલાય છે સર્વત્ર, પણ વિરમે છે લોચનમાં. અંતિમકડીમાં પરમસ્નેહ મનુષ્યમાં ઉદ્ભવતો - આકાર લેતો વર્ણવી સ્નેહશક્તિનું અપૂર્વ ગૌરવ દર્શાવેલ છે.

કવિશ્રી મકરંદ દવેની ગીતરચના :

**ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ**
**ને ગમતાંનો કરીએ ગુલાલ**
**આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી,**
**પંકમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી,**
**આવી મળ્યું તે દઈશ આંસુડે ધોઈને,**
**ઝાઝેરું જાળવ્યું તે વ્હેલે હું ખોઈને...**

મકરંદ દવે પારદર્શક તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા કવિ મનીષી છે.

'ગમતાનો કરીએ ગુલાલ' ગીતની પંક્તિઓ એના સુગેય ઢાળને લીધે, તળપદા ઉપમાનોને લીધે, સહજ આવતા લયને લીધે આસ્વાદ્ય બને છે. તેમની કવિતા એટલે શબ્દના ઊંડાણની અને મૌનના મર્મની કવિતા. કવિ પ્રથમ પંક્તિમાં જણાવે છે કે ગમતી વસ્તુ ને ક્યારેય પણ સંતાડી રાખવી ન જોઈએ. તેને ગુલાલની જેમ વહેંચવી જોઈએ. કાવ્યની એક-એક પંક્તિમાં ભાવપ્રતીક જોવા મળે છે.

કવિ મણિલાલ દેસાઈના બોલ વાલમના કાવ્યની રીત :

**ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના,**
**ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના.**
**ગામ ને પાદર ઘુઘરા વાગે,**
**ઊંઘમાંથી મારાં સપનાં જાગે,**
**સપનાં રે બોલ વાલમનાં...**
**ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના**
**આજની જુદાઈ ગોફણ ગાળી વીંઝશું રે લોલ,**
**વાડને વેલે વાલોળ પાપડી વીણશું રે લોલ.**

આ કાવ્યમાં પ્રણયની વેદના હૃદયના અતળ ઊંડાણમાંથી આવેલી છે. જેમાં સાચા પ્રેમની સચ્ચાઈ અભિવ્યક્ત થયેલી જોવા મળે છે. પ્રિયતમની રાહ જોઈ રહેલી નાયિકાને ઊંબરા ઉપર ઉભી હોય, ઘરમાં સૂતી હોય કે મધુર પ્રણયનું સ્વપ્ન આવેલું હોય ત્યારે તેને પોતાના પ્રિયતમના વેણ સંભળાયા છે. નાયિકા જે પ્રિયતમનો વિરહ ગોફળ વીંઝીને કે વાલોળ પાપડી વીણીને ભુલવા માટેનો પ્રયત્ન કરે છે તેવી તેમની આબેહૂબ અને કલાત્મક રચના બોલ વાલમના ગુજરાતી ગીત રચનાઓમાં સુવર્ણ અક્ષરે લખાયેલી રહેશે.

કવિશ્રી રાજેન્દ્ર શાહની ગીતરચના :

**કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,**
**મૂઈ રે એની મ્હેક કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે,**
**આતો અણદીઠાંનો અંગે ખટકો જાલિમ જાગ્યો રે,**
**કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે...**

કવિ ઉમાશંકર જોશી કહે છે તેમ તેઓ મુખ્યત્વે ગીતકવિ છે. વિવિધ પ્રકારના શબ્દપ્રયોગની મધુરતાને લીધે આગવી છાપ ઊભી કરી છે. આ કાવ્યમાં કવિનું સૌંદર્યરાગી વલણ સૌષ્ઠવનિષ્ઠ કવિને શોભે એવું છે. અહીં 'કેવડિયાનો કાંટો' અને 'વનવગડો' શબ્દો પ્રતીકાત્મક રીતે રજૂ થયેલા છે. કેવડિયાનો કાંટો એ પ્રેમનું પ્રતીક છે, જ્યારે વનવગડો એ યુવાન અવસ્થાના પ્રતીક તરીકે

ભાવાત્મક રીતે રજૂ કરેલ છે. અહીં ચિત્રનિર્મિત અને ભાવનિર્મિત દૃશ્ય ખડું થયેલું જોવા મળે છે. તેમની ઉત્તમ ગીતરચનાઓમાં આ કાવ્યનો સમાવેશ થાય છે.

કવિ શ્રી રાવજી પટેલની ગીતરચના :

**મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...**
**મારી વ્હેલ શંગારો વીરા, શગને સંકોરે**
**રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ!**
**મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...**
**પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા,**
**ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ**
**રે હણહણતી મેં સાંભળી સુવાસ!**
**મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...**

લગ્નગીતના ઢાળમાં આ મૃત્યુનું ગીત છે! કેવો વિપર્યાસ રચ્યો છે. કવિ રાવજી પટેલે આ ગીતનું આપેલું શીર્ષક તો છે, આભાસી મૃત્યુ ગીત! રાવજી ક્ષયરોગની જીવલેણ બીમારીમાં અંતિમ દિવસો કાપી રહેલો ત્યારે એને આ કાવ્ય લખવાનું સૂઝેલું આજે આ કાવ્ય ગુજરાતી ગીત કવિતાનું ઘરેણું બની ગયું છે. કવિ રાવજી પટેલ પોતાની પ્રતિભાથી લખ્યું એ પશ્ચિમના કવિઓથી વટલાયેલ ન હતો. તેમની કવિતામાં સહજ સચ્ચાઈ છે. કલ્પનોની તાજપ છે. લયની પકડ અને શબ્દે શબ્દની માવજત છે. કલ્પન અને પ્રતીકોની ધારદાર અભિવ્યક્તિમાં રાવજીની તોલે આવે એવો કોઈ કવિ નથી. મારી આંખે કંકુના સૂરજ આથમ્યા! આંખે કંકુના સૂરજ અહીં કંકુનો સંદર્ભ યુવાન વય સાથે છે. યુવાનીમાં જ હવે મૃત્યુ આવ્યું છે. મરણ ઘણું નજીક છે. પત્નીના કપાળે કંકુનો ચોલ્લો છે, એય સૂરજ છે. સુહાગનો જાણે હવે એય આથમી જતો દેખાય છે.

કવિશ્રી હરીન્દ્ર દવેની ગીતરચના :

**પાન લીલું જોયુંને તમે યાદ આવ્યાં**
**જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,**
**એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા,**
**ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યા,**
**જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો રામ,**
**એક તારો ટમકયો ને તમે યાદ આવ્યા.**

હરીન્દ્ર દવે મધ્યમકક્ષાની પ્રતિભા ધરાવતા કવિ છે. હરીન્દ્રનાં ગીતોમાં મોટાભાગે રાધા-કૃષ્ણનાં રૂપકો લઈને પ્રેમનાં વિવિધ સંવેદનોને વાચા આપવાનું

વલણ રહેલું છે. હરીન્દ્રનાં ગીતોમાં ગેયતા ધ્યાનપાત્ર છે. આ ગીત પણ સહજ રીતે ગાઈ શકાશે. આ ગીત રચનામાં ગીત અને પ્રેમ એકબીજાના પર્યાય બની રહે એ રીતે વર્ણવાયાં છે. પ્રેમને કારણો નથી હોતાં, સ્મરણ એની ટેક છે. પ્રેમીને બધે જ પ્રેમી દેખાય છે! કાવ્યમાં કવિ કહે છે કે પ્રેમ એટલે ભરી ભરી લીલપ, લીલી લીલી ભીનાશ! મોસમનો પહેલો વરસાદ પડે, પલાળે ને જેવી તરસ જાગે એવી તરસ લીલી પાંદડીમાં જોતાં જાગે છે. ક્યાંક પંખી ટહુકો કરે છે ને પ્રિયતમ યાદ આવે છે! કવિ જણાવે છે કે પંખીના ટહુકા પછી અંદરના આકાશમાં શ્રાવણની વર્ષા પછીનો ઊઘાડ થાય છે. આકાશમાંથી એક તારો ચમકે ને નાયિકા સાંભરે, હા, તારો એટલે નાયિકાની આંખ, એની વેણીનું ફૂલ, શ્વેત હાસ્ય, એનો ઝુરાપો, એની પ્રતીક્ષા, કવિ કહે છે કે નાયિકાનું હાસ્ય જ પ્રેમીને મન બ્રહ્માંડ છે!

કવિશ્રી રમેશ પારેખની એક ઉત્કૃષ્ઠ ગીતરચના :

**ફાગણની ઝાળઝાળ સૂક્કી વેળામાં તારું**
**પહેલાં વરસાદ સમું આવવું**
**હવે આંખોને કેમ રે ભુલાવવું**
**બળતે બપ્પોરે ભીનો પગરવ સુણીને**
**કાંઈ વાસ્યા કમાડ અમે ખોલ્યાં**
**ચારે આંખોના એવાં અંધાર્યાં વાદળાં**
**કે શમણે આવેલ મોર બોલ્યા**
**ઓચિંતા ધોધમાર સામસામે આપણે ઊભાં રહ્યાનું પૂર આવવું.**

લોકલયને લોકભાવોને અને લોકબોલીને ગતિમાં પ્રચુરતાથી લઈ આવનાર રમેશનાં ગીતો પવનવેગે પ્રસરી ગયેલાં અને પહેલાં વરસાદની જેમ લોકહૈયામાં શીતળતા લાવી મૂકેલી. કવિની આ ગીતરચના કલ્પનોની તાજગી માટે ખાસ જાણીતું છે. કવિએ અહીં લોકગીતનો લય કામે લગાડ્યો છે તે નૂતન કલ્પનો લીધાં છે. ભાવપ્રતિકો પાસેથી કામ લીધું છે અને ઈન્દ્રય તત્ત્વો પ્રયોજ્યા છે. તો કેટલાંક સંનિધિકરણો (Juxta Position) યોજીને કવિએ પ્રેમના ભાવને ધારદાર અને અરૂઢ અભિવ્યક્તિ આપી છે. પ્રથમ પ્રેમનો અનુભવ કેવો અસરકારક હોય છે, એની મધુરી પીડા અને ન જંપવા દેનારી વેદના પણ કવિનો આસ્વાધ બની રહે છે, એ આ કાવ્યનો વિષય છે. કવિએ અભિવ્યક્તિને ધારદાર બનાવવા ભાષા પાસેથી વિશિષ્ટ રીતે કામ લીધું છે.

આમ, ગુજરાતી સ્વાતંત્ર્યોત્તર યુગની કવિતાઓનું સર્જન કરનાર કવિ અનિલ જોશી, જગદીશ જોશી, રાજેન્દ્ર શાહ, હરીન્દ્ર દવે, મકરંદ દવે, રાવજી

પટેલ વિગેરે જુદા-જુદા કવિઓની રચનાઓ કાવ્યજગતમાં સોનેરી અક્ષરે સચવાયેલી રહેશે.

**સંદર્ભસૂચિ :**

(૧) સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતસંચય; ચંદ્રકાન્ત શેઠ; ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર
(૨) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ડૉ. રમેશ એમ. ત્રિવેદી; આદર્શ પ્રકાશન, અમદાવાદ
(૩) અદ્યતન કાવ્યસંચય : ચંદ્રકાન્ત શેઠ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૪) વગડાને શ્વાસ : સુરેશ દલાલ; નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
(૫) બાલમુકુંદ દવે : રમણલાલ જોશી; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૬) ફૂલોના કવિ : પ્રિયકાન્ત મણિયાર; કક્કડ અરૂણ; પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ